**This publication was withdrawn on 5 April 2022**

This page has been withdrawn because it’s no longer current. Read more about infection prevention and control in adult social care: COVID-19 supplement.

Department
of Health &
Social Care

CARE

# કોવિડ-19: એડલ્ટ સોશિયલ કેર રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક (પુખ્ત વયનાં લોકોની સંભાળના ક્ષેત્રમાં જોખમો ઘટાડવા માટેનું માળખું):

## તમારા કાર્યદળ પરનાં જોખમોની આકારણી કરીને તે ઘટાડવાં

નવેમ્બર 2020માં સધારો કરાયેલ

# 1. પરિચય

1.1 સામાજિક સંભાળમાં કામ કરનારાં લોકો (સોશિયલ કેર વર્કફોર્સ) આપણા સમાજની અંદર આરોગ્ય અને સંભાળની જરૂરતોને ટેકો આપવા માટે અત્યંત આવશ્યક છે, અને વર્તમાન સમયના આ અતિ મુશ્કેલ સમય દરમ્યાન તેઓ જે કામ કરી રહ્યાં છે તે માટે અમે તેમના આભારી છીએ.

1.2 સામાજિક સંભાળનાં સ્થળોમાં કામ કરતાં લોકો અને જેઓ સામાજિક સંભાળની સેવાઓનો ઉપયોગ કરે છે તે લોકોને સલામત અને સ્વસ્થ રાખવાનું અત્યંત અગત્યનું છે.

1.3 એડલ્ટ સોશિયલ કેર (પુખ્ત વયનાં લોકોને સામાજિક સંભાળ આપનારાં) એમ્પ્લોયર તરીકે, તમારાં કર્મચારીઓ અને તમારી સેવાનો ઉપયોગ કરતાં લોકોના આરોગ્ય, સલામતી અને સુખાકારીની શક્ય હોય તેટલી સુરક્ષા કરવાની તમારી સંભાળની ફરજ બને છે.

1.4 તમારી સંભાળમાં રહેલ દરેક વ્યક્તિનાં લક્ષણો અને તેમના પર રહેલાં જોખમોના પ્રકારને ધ્યાનમાં લીધા વગર તે લોકો માટેનાં જોખમની આકારણી કરવાની અને તે ઘટાડવાની પદ્ધતિ તમારે ત્યાં હોવી જોઈએ. આમાં સમાવેશ થવો જોઈએઃ

- તમારી સેવાનો ઉપયોગ કરતાં લોકો પરનાં જોખમો, તેમના કોઈ વ્યક્તિગત લક્ષણોને ધ્યાનમાં રાખીને કે જેના લીધે તેમના પર વધારે જોખમ મૂકાતું હોય.
- તમારા કામના સ્થળ પરનાં જોખમો, જેમાં સ્થળ પર આવવા-જવાની મુસાફરી અને કામનાં સ્થળો વચ્ચેની મુસાફરીઓનો સમાવેશ થવો જોઈએ.
- તમારાં કર્મચારીઓ પરનાં જોખમો, સ્વયંસેવકો સહિત, તેમના કોઈ વ્યક્તિગત લક્ષણોને ધ્યાનમાં રાખીને કે જેના લીધે તેમના પર વધારે જોખમ મૂકાતું હોય.

1.5 પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ દ્વારા આ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે, જેમાં નિયમિત રીતે સુધારાવધારા કરવામાં આવે છે, ચેપી રોગનાં જોખમો ઘટાડવા માટેનાં પગલાંનો અમલ કરવો. એમ્પ્લોયરોએ હંમેશાં ખાતરી કરવી જોઈએ કે તેઓ PHEની અદ્યતન ભલામણોનું પાલન કરે છે.

1.6 આમ તો કામના સ્થળે તમામ કાર્યકરો પરનાં જોખમોમાં ઘટાડો કરવો જોઈએ, પરંતુ અમુક ચોક્કસ લક્ષણો /આરોગ્યની બીમારીઓ અને/અથવા ગર્ભવતી હોવાને કારણે જેમના પર વધારે જોખમ હોવાનું ઓળખવામાં આવ્યું હોય તેવા અમુક કાર્યકરો માટે, તે જોખમો હળવા કરવા માટેનાં વધારાનાં પગલાં લેવાનું વિચારવું જોઈએ. આમાં સંભાળ અને સહાય પૂરી પાડવામાં સીધી અને આડકતરી રીતે સંકળાયેલાં તમામ કાર્યકરોનો સમાવેશ થાય છે, ગર્ભવતી સ્ત્રીઓ, એજન્સી, લોકમ અને બેન્ક કર્મચારીઓ તેમજ બિનપગારદાર સ્વયંસેવકો સહિત. જેમના પર તબીબી રીતે સૌથી વધારે જોખમ રહેલું છે તે લોકોને તબીબ રીતે અત્યંત અરક્ષિત લોકો માટેની હાલની સલાહ અનુસરવામાં મદદ કરવી જોઈએ. જે કાર્યકરોનાં પરિબળોથી તેમને કોવિડ-19 ચેપ

લાગવા અથવા તેની વિપરિત અસરો થવાનું વધારે જોખમ ઊભું થતું હોય તેમને તેમના કામના સ્થળ પરનાં જોખમો વિશે નિર્ણયો લેવામાં તેમના એમ્પ્લોયર કેવી રીતે ટેકો આપી શકે તેના ઉપર ASC રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક ધ્યાન કેન્દ્રિત કરે છે.

## પુરાવા

1.7 તબીબી પુરાવા સૂચવે છે કે અમુક લોકોમાં એવાં પરિબળો હોઈ શકે જેના લીધે તેમના પર કોવિડ-19ના પરિણામે વિપરિત અસરો થવાનું કે ચેપ લાગવાનું જોખમ વધી જઈ શકે છે. જેમ નવા પુરાવા મળતા જશે તેમ આ માર્ગદર્શિકામાં સુધારા કરવામાં આવશે, અને તમે છેલ્લામાં છેલ્લી માર્ગદર્શિકા વાપરી રહ્યાં છે કે નહિ તે તમારે તપાસવું જોઈએ.

## ASC રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક

1.8 જે કાર્યકરો પર કોવિડ-19નો ચેપ લાગવાનું અથવા તેની વિપરિત અસરો થવાનું વધારે જોખમ હોવાની સંભાવના છે તેમને યોગ્ય રીતે કદાચ ટેકો નહિ આપી શકાય તેવી એમ્પ્લોયરો દ્વારા કરવામાં આવેલી વિનંતીઓ અને વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓના પ્રતિસાદમાં ASC રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક (જોખમ ઘટાડવાનું માળખું) તૈયાર કરવામાં આવ્યું છે. પરંતુ, અમે જાણીએ છીએ કે કેટલાંક એમ્પ્લોયરોએ કદાચ પહેલેથી જ કેટલીક કડક કાર્યપદ્ધતિઓ અમલમાં મૂકી દીધી હશે.

1.9 એમ્પ્લોયરોએ ખાતરી કરવી જોઈએ કે તેઓ જોખમોની આકારણી અને તેના સંચાલન માટે કામના સ્થળ પર લેવામાં આવતો અભિગમ લઈ રહ્યાં હોય. જે કાર્યકરોનાં પરિબળોથી તેમને કોવિડ-19 ચેપ લાગવા અથવા તેની વિપરિત અસરો થવાનું વધારે જોખમ ઊભું થતું હોય તેમને તેમના કામના સ્થળ પરનાં જોખમો વિશે નિર્ણયો લેવામાં તેમના એમ્પ્લોયર કેવી રીતે ટેકો આપી શકે તેના ઉપર ASC રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક ધ્યાન કેન્દ્રિત કરે છે.

1.10 તે એમ્પ્લોયરો માટે એક 'નિશ્ચિત' પરિણામ આપતું નથી, પરંતુ તે નીચેની બાબતો માટે ટેકો પૂરો પાડવાનો ઈરાદો ધરાવે છેઃ

- જેમના પર ચેપ લાગવાનું વધારે જોખમ હોઈ શકે અથવા તેના પરિણામે જેઓ આરોગ્યની ઘણી વધારે મુશ્કેલીઓ અનુભવી રહ્યાં હોય તે કાર્યકરોને ઓળખવાની પ્રક્રિયાનું સંચાલન કરવું.
- કાર્યકરો સાથે તેમની ચિંતાઓને સ્વીકૃતી આપવા, સંવેદનાપૂર્ણ, વ્યક્તિગત રીતે વાતચીત કરવી, ઉપલબ્ધ વિકલ્પોની ચર્ચા કરવી અને કોઈ આગળનાં પગલાં હોય તો તે નક્કી કરવાં.
- આ કાર્યકરોના તેમના પોતાના કામ અને સ્થળના સંદર્ભમાં તેમનાં પરનાં જોખમો હળવાં કરવાના ઉપાયો ઓળખીને અમલમાં મૂકવા.

1.11 તે આની સાથે વાપરવામાં આવવી જોઈએ:

- કોવિડ-19 ચેપ ફેલાવાની રોકથામ અને નિયંત્રણ ઉપર પબ્લિક હેલ્થ ઇંગ્લેન્ડની માર્ગદર્શિકા - જે હંમેશાં અનુસરવામાં આવવી જોઈએ.
- તમારા હાલના કાર્યદળ અને કામના સ્થળના રિસ્ક અસેસમેન્ટ અને તેના સંચાલનની પ્રક્રિયા.
- તબીબી રીતે અત્યંત અરક્ષિત લોકો માટે સરકારની સલાહ અને ફરલો પર હોવું.
- અન્ય સંબંધિત રાષ્ટ્રીય અથવા સ્થાનિક સરકારી સલાહ, સંભાળનાં સ્થાનોને લાગતાવળગતા અન્ય માર્ગદર્શન સહિત.

1.12 આ દસ્તાવેજમાં આગળ એડલ્ટ સોશિયલ કેરનાં કાર્યદળની સુખાકારીમાં ટેકો આપતા સંસાધનો આપવામાં આવેલાં છે. અમે જાણીએ છીએ કે આ પગલાં અમલમાં મૂકવાથી સોશિયલ કેરના કાર્યદળ પર વધારે દબાણ મૂકાય એવું કદાચ બને, અને એમ્પ્લોયરોને તેમના કાર્યદળ પરનાં જોખમો સંબોધવામાં સહાય કરી શકે તેવાં સંસાધનો નીચે જણાવેલાં છે.

વધારે માહિતી માટે જુઓ:

## ચેપ ફેલાવાની રોકથામ અને નિયંત્રણની માર્ગદર્શિકા

### માર્ગદર્શન

- PHE: કોવિડ-19: ચેપ ફેલાવાની રોકથામ અને નિયંત્રણની માર્ગદર્શિકા
- ચેપ ફેલાવાની રોકથામ અને નિયંત્રણની માર્ગદર્શિકા (IPC) હોસ્પિટલમાં રહેલાં દર્દીઓ માટે અથવા રજા લઈને ઘરે જતાં કે રેસિડેન્શિયલ કેરમાં જતાં દર્દીઓ માટેનાં સાવચેતીનાં પગલાં
- કોવિડ-19: આરોગ્ય અને સંભાળનાં ક્ષેત્રોમાં રોગનો સામનો કરવો પડતો હોય તે કર્મચારીઓ અને દર્દીઓનો વહીવટ
- DHSC: કેર હોમ સપોર્ટ પૅકેજ, અને એડલ્ટ સોશિયલ કેર ઈન્ફેક્શન કંટ્રોલ ફંડ વિશે માહિતી કર્મચારીઓની આવનજાવન સહિત
- SCIE: સામાજિક સંભાળના ક્ષેત્રમાં ચેપના ફેલાવા પર નિયંત્રણ વિશે કોરોનાવાઈરસ (કોવિડ-19) ઉપર સલાહ
- BEIS: કોરોનાવાઈરસના ફેલાવા દરમ્યાન સલામતીપૂર્વક કામ કરવું

- કેર હોમ્સમાં ચેપની રોકથામ તેમજ નિયંત્રણ ઉપર CQCનું માર્ગદર્શન

## ઈ-લર્નિંગ

- ચેપ ફેલાવાની રોકથામ અને નિયંત્રણ ઉપર હેલ્થકેર માટે હેલ્થ એજ્યુકેશન ઈંગ્લેન્ડ ઈ-લર્નિંગ
- અને/અથવા કેર વેબસાઈટ /ઍપ ઉપર ખાસ કેર હોમ્સ અને ઘરમાં પૂરી પાડવામાં આવતી સંભાળ - ડોમિસિલીઅરી કેર (સ્થાનિય સંભાળ) માટે તૈયાર કરવામાં આવેલ બે વેબિનાર અહીં

## સંભાળ અને સહાય મેળવતાં લોકો અને કાર્યકરો માટે તપાસ કરાવવી

- કોરોનાવાઈરસનો ટેસ્ટ કરાવવા વિશેની માર્ગદર્શિકા, ટેસ્ટ કરાવવા માટે કોણ લાયક બને છે અને તે ટેસ્ટ કેવી રીતે કરાવવો તેના સહિત
- કેર હોમ્સમાં કાર્યકરો અને રહેવાસીઓ માટે ટેસ્ટની સગવડ મેળવવી; ચિહ્નો હોય કે ન હોય, ટેસ્ટ કરાવવા માટે કેર હોમ્સનાં કાર્યકરો અને રહેવાસીઓ માટે જ માત્ર બનાવાયેલ ખાસ પોર્ટલ.
- ટેસ્ટ એન્ડ ટ્રેસ માટે એમ્પ્લોયરોની માર્ગદર્શિકા - https://www.gov.uk/guidance/nhs-test-and-trace-workplace-guidance
- ટેસ્ટ એન્ડ ટ્રેસઃ કર્મચારીઓને એકાંતમાં રાખવા વિશે (વચગાળાના) સોશિયલ કેર એમ્પ્લોયરો માટેની માર્ગદર્શિકા

## પી.પી.ઈ.

### પી.પી.ઈ.નો ઉપયોગ કરવો

- PHEની માર્ગદર્શિકા - કોવિડ-19 પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વીપમેન્ટ (PPE) (અંગત સુરક્ષાનાં સાધનો)
- PHE માર્ગદર્શિકા- કોવિડ-19: કેર હોમ્સમાં સલામતીપૂર્વક કેવી રીતે કામ કરવું, જેમાં સલામતીપૂર્વક પી.પી.ઈ. પહેરવાં અને કાઢવાનો પણ સમાવેશ થાય છે
- PHE: કોવિડ-19: ઈંગ્લેન્ડમાં ડોમિસિલીઅરી કેરમાં (સ્થાનિય સંભાળ) સલામતીપૂર્વક કેવી રીતે કામ કરવું; જેમાં સલામતીપૂર્વક પી.પી.ઈ. પહેરવાં અને કાઢવાનો પણ સમાવેશ થાય છે
- PHE કોવિડ-19: પી.પી.ઈ. પહેરવાં અને કાઢવાં – કેર હોમ્સ માટેની માર્ગદર્શિકા (વીડીઓ)

## પી.પી.ઈ. મેળવવાં

- પી.પી.ઈ. મેળવવા વિશેની માહિતી અહીંથી મળી શકે છે: https://www.gov.uk/government/publications/coronavirus-covid-19-support-for-care-homes/coronavirus-covid-19-care-home-support-package

## શિલ્ડિંગ

- PHE કોવિડ-19: તબીબી કારણોસર અત્યંત અરક્ષિત હોવા તરીકે ઓળખવવામાં આવેલાં લોકોને શિલ્ડ કરવા અને રક્ષણ કરવા વિશેનું માર્ગદર્શન

## કેર હોમ્સમાં ચેપની રોકથામ તેમજ નિયંત્રણ ઉપર CQCનું માર્ગદર્શન ફરલો

- કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ મારફતે તમે કર્મચારી તરીકેનો પગાર મેળવી શકો કે નહિ તે તપાસો

- એડલ્ટ સોશિયલ કેર: કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ ઉપરના માર્ગદર્શનનો આ ક્ષેત્ર શું અર્થ કરે તેવી અમારી અપેક્ષા છે

## HSE તરફથી માર્ગદર્શિકા

- અરક્ષિત કાર્યકરો ઉપર HSEની માર્ગદર્શિકા; જેમાં નવી બનેલ માતાઓ અને ગભર્વતી સ્ત્રીઓ, અસમર્થતા અને ઉંમરને લગતા માર્ગદર્શનનો પણ સમાવેશ થાય છે.

- કોવિડ-19 ઉપર HSE તરફથી માહિતી અને સલાહ

- HSE: કોવિડ-19 વિશે RIDDOR રીપોર્ટીંગ

## કોવિડ-19: એડલ્ડ સોશિયલ કેર રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક (પુખ્ત વયનાં લોકોની સંભાળના ક્ષેત્રમાં જોખમો ઘટાડવા માટેનું માળખું): તમારા કાર્યદળ પરનાં જોખમોની આકારણી કરીને તે ઘટાડવાં

### વ્યક્તિગત જોખમોનું સંચાલન

વ્યક્તિગત લોકોને કોવિડ-19થી ગંભીર બીમારી થવાનું અથવા મૃત્યુ થવાનું કારણ બનવામાં કેટલાંક પરિબળો જોડાયેલાં છે. જે કર્મચારી પર વધારે જોખમ હોવાનું ઓળખવામાં આવ્યું હોય તે દરેકની સાથે એમ્પ્લોયરોએ વ્યક્તિગત રીતે વાતચીતો કરવી જોઈએ. જે લોકો પર તબીબી રીતે વધારે જોખમ રહેલું હોય તેમને તબીબી રીતે અત્યંત અરક્ષિત લોકો માટેની હાલની સલાહનું પાલન ચાલુ રાખવામાં ટેકો આપવામાં આવવો જોઈએ. રિસ્ક અસેસમેન્ટો કરવામાં આવે છે અને તેમના કામના સ્થળ પરનાં જોખમો બને તેટલાં ઓછાં કરવા માટેનાં પગલાં લેવામાં આવે છે તેની ખાતરી કરવા માટે એમ્પ્લોયરો જવાબદાર છે. જોખમ વિશેની વ્યક્તિગત વાતચીતોમાં સીધી અને આડકતરી રીતે સંભાળ અને સહાયતા પૂરી પાડતાં તમામ કાર્યકરોનો સમાવેશ થવો જોઈએ, કાયમી કર્મચારીઓ, એજન્સી, લોકમ અને બેન્ક સ્ટાફ તેમજ બિનપગારદાર સ્વયંસેવકો સહિત. વ્યક્તિગત કાર્યકરો સાથેનાં જોખમો ઓળખવા અને તેનો વહીવટ કરવા માટેનાં પગલાંનો અમલ કરાવવાનું એમ્પ્લોયરો બીજાં યોગ્ય લોકોને સોંપી શકે છે, જેમ કે તેમના લાઈન મેનેજર, સુપરવાઈઝર, નિયુક્ત કરાયેલ સીનિયર મેનેજર અથવા આરોગ્ય અને સુરક્ષાના પ્રતિનિધિને.સંભવિત જોખમી પરિબળો સાથેનાં કાર્યકરો ઉપરનાં જોખમો ઘટાડવા ઉપર આ ફ્રેમવર્ક ધ્યાન કેન્દ્રીત કરે છે, પરંતુ તેની સાથે એ વિશે પણ સચેત રહેવું જોઈએ કે જેમના પર જોખમ વધ્યું ન હોય તે લોકોને આરોગ્યની બીજી કોઈ ચિંતા કે પરેશાની હોઈ શકે છે, જે ધ્યાનમાં લેવાવી જોઈએ. ઓળખવામાં આવેલ જોખમો ધરાવનાર કોઈ કાર્યકર જો કોવિડ-19નાં ખૂબ વધારે સંખ્યાનાં દર્દીઓવાળા વિસ્તારમાં કામ કરતાં હોય તો તેમના પર ખૂબ વધારે જોખમ હશે એવું પણ ધારી લેવામાં આવવું ન જોઈએ. આનો આધાર જોખમ ઉપર કેટલા પ્રમાણમાં નિયંત્રણ રાખવામાં આવે છે તેના પર રહેલો છે.

જો કોઈ કાર્યકર ઉપર જોખમ વધ્યું હોવાનું ઓળખવામાં આવે, તો તે જોખમ કેવી રીતે ઘટાડી શકાય તે ઓળખવા માટે તેમની સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરવી જોઈએ. તે કાર્યકરની માનસિક સુખાકારીને ધ્યાનમાં રાખીને આ સંવેદનાપૂર્વક કરવામાં આવવું જોઈએ.

શું વ્યવહારૂ છે અને પસંદ છે તે કામના સ્થળ અને વ્યક્તિ અનુસાર હશે, પરંતુ તેમાં આનો સમાવેશ થઈ શકે;

- બીજા સ્થળે કામ કરવા માટે ખસેડવાં જ્યાં જોખમો ઓછાં હોય, દાખલા તરીકે કોવિડ-19નો ચેપ ન લાગેલો હોય તેવાં લોકોને ટેકો આપવા માટે મોકલવાં, અથવા જ્યાં શક્ય હોય ત્યાં દૂર રહીને કામ કરવું.
- કામની ગોઠવણોમાં ફેરફારો કરવા - દાખલા તરીકે જાહેર વાહનોના વપરાશ વિશે પુનઃવિચારણા કરવી
- કામના સ્થળે અને કાર્યદળો પરનાં જોખમ ઘટાડવા વિશેની PHE અને DHSCની માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં કર્મચારીઓને ટેકો આપવામાં આવે તેની ખાતરી કરવી.
- જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં વધારે સલાહ અને ટેકો, દાખલા તરીકે ઓક્યુપેશનલ હેલ્થ દ્વારા. **આ માર્ગદર્શિકા વાપરતી વખતે, કૃપા કરીને ધ્યાનમાં રાખો કે જેમ વધારે પુરાવા બહાર આવશે તે અનુસાર આ જોખમનાં પરિબળો અને માર્ગદર્શિકામાં ફેરફાર થઈ શકે છે**

**એ નોંધ લેવાનું અગત્યનું છે કે નીચેના ખાનામાં આપેલ વંશમૂળ અને લિંગ ઉપરના અદ્યતન પુરાવામાં વ્યક્તિના વ્યવસાય, એકબીજા સાથે સંકળાયેલ બીમારીઓ અથવા મેદસ્વીતાને ધ્યાનમાં લેવામાં આવ્યું ન હતું, જે કોવિડ-19 થવાના અને/અથવા તેના કારણે મૃત્યુ થવાના જોખમ સાથે કદાચ સંકળાયેલ હોઈ શકે. આ પુરાવાથી અમુક જૂથોમાં વધારે જોખમ રહેલું હોવા વિશે આપણને વધારે જાગૃતિ મળવી જોઈએ, પરંતુ એ પણ સમજવું જોઈએ કે ઉંમર, લિંગ અથવા વંશમૂળ સિવાયનાં પરિબળો પણ ચેપના પરિણામના સંદર્ભમાં અગત્યનાં હોઈ શકે છે.**

| **ઉંમર +** | **વંશમૂળ*** | **લિંગ*** | **આરોગ્યની કેટલીક જૂની બીમારીઓ:+** | **ગર્ભવતી મહિલાઓ** |
|---|---|---|---|---|
| વધતી ઉંમર જોખમનું પરિબળ હોવાનું જાણીતું છે. 70 વર્ષ કે તેથી વધુ ઉંમરનાં લોકો પર વધારે જોખમ રહેલું છે. આનો વિચાર આરોગ્યની કોઈ જૂની બીમારીઓ અથવા જોખમનાં બીજાં પરિબળોની સાથે વિચાર કરવો જોઈએ. | અદ્યતન પુરાવા બતાવે છે કે કોવિડ-19નું નિદાન કરવામાં આવેલ BAME પાર્શ્વભૂમિકાનાં લોકોનું મૃત્યુ થવાનું જોખમ ગોરા વંશમૂળનાં લોકો કરતાં બમણું હતું, પરંતુ એ ઓળખવાનું પણ અગત્યનું છે કે આ વિગતોમાં વ્યક્તિના વ્યવસાય, એકબીજા સાથે સંકળાયેલ બીમારીઓ અથવા મેદસ્વીતાને ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા, જે કોવિડ-19 થવાના અને/અથવા તેના કારણે મૃત્યુ થવાના જોખમ સાથે કદાચ સંકળાયેલ હોઈ શકે. | અદ્યતન પુરાવા બતાવે છે કે કામ કરવાની ઉંમરના જે પુરૂષોને કોવિડ-19 થયો હોવાનું નિદાન કરવામાં આવ્યું હોય તેમના મૃત્યુની સંભાવના સ્ત્રીઓ કરતાં બમણી છે, પરંતુ એ ઓળખવાનું પણ અગત્યનું છે કે આ વિગતોમાં વ્યક્તિના વ્યવસાય, એકબીજા સાથે સંકળાયેલ બીમારીઓ અથવા મેદસ્વીતાને ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા, જે કોવિડ-19 થવાના અને/અથવા તેના કારણે મૃત્યુ થવાના જોખમ સાથે કદાચ સંકળાયેલ હોઈ શકે. | જેમના પર વધારે જોખમ હોવાનું (તબીબી રીતે અત્યંત અરક્ષિત લોકો) અને મધ્યમ પ્રમાણમાં જોખમ (તબીબી રીતે અરક્ષિત લોકો) હોવાનું માનવામાં આવતું હોય તેમની સંપૂર્ણ યાદી માટે NHSની 'કોરોનાવાઈરસનું જેમના પર વધારે જોખમ છે તે લોકો' જુઓ. | તમામ ગર્ભવતી મહિલાઓ માટે તેમના કામના સ્થળે રિસ્ક અસેસમેન્ટ કરવામાં આવવું જોઈએ. રિસ્ક અસેસમેન્ટ કરતી વખતે, એમ્પ્લોયરોએ કોવિડ-19 અને સગર્ભાવસ્થા પર રોયલ કોલેજ ઓફ ઓબસ્ટેટ્રિશ્યન્સ એન્ડ ગાયનોકોલિજસ્ટ્સ (RCOG) દ્વારા બનાવવામાં આવેલ અદ્યતન માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ. |

**સ્રોત્રોઃ**

*https://assets.publishing.service.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/889195/disparities_review.pdf

કોવિડ-19ને કારણે જેમના પર વધારે જોખમ રહેલું છે તે લોકોની સંપૂર્ણ યાદી: https://www.nhs.uk/conditions/coronavirus-covid-19/people-at-higher-risk/whos-at-higher-risk-from-coronavirus/ from-coronavirus/ ^FOM, RCM, RCOG કોવિડ-19 વાઈરસનો ચેપ અને સગર્ભાવસ્થા વિશે ઓક્યુપેશનલ હેલ્થની સલાહ https://www.rcog.org.uk/en/guidelines-research-services/guidelines/coronavirus-pregnancy/covid-19-virus-infection-and-pregnancy/

# 2. વ્યક્તિગત જોખમોના સંચાલનની પ્રક્રિયા

2.1 એમ્પ્લોયરોએ કામના સમગ્ર સ્થળ પર જોખમનું સંચાલન કરવું જોઈએ, જેથી તમામ કાર્યકરોને મહત્તમ સુરક્ષા મળી રહેવાની ખાતરી થાય. જે કાર્યકરોનાં પરિબળોથી તેમને કોવિડ-19 ચેપ લાગવાનું અથવા તેની વિપરિત અસરો થવાનું વધારે જોખમ ઊભું થતું હોય તેમને તેમના કામના સ્થળ પરનાં જોખમો વિશે નિર્ણયો લેવામાં ટેકો આપવા ઉપર ASC રિસ્ક રીડક્શન ફ્રેમવર્ક ધ્યાન કેન્દ્રિત કરે છે. પરંતુ, એમ્પ્લયોરોએ જે કર્મચારીઓનાં ઘરનાં સભ્યો તબીબી રીતે અત્યંત અરક્ષિત હોય, અથવા જેઓ બીજી રીતે જોખમો વિશે ચિંતિત હોય તે કર્મચારીઓ સાથે પણ વાતચીત કરવી જોઈએ.

2.2 જોખમના સંચાલનની પ્રક્રિયા બે તબક્કામાં કરવામાં આવવી જોઈએ; જેમના પર સંભવતઃ વધારે જોખમ રહેલું હોય તે લોકોને ઓળખવાં અને તે પછી તે લોકો સાથે સંકળાયેલાં જોખમોની આકારણી કરવી અને તે જોખમો બને તેટલાં ઓછાં કરવા માટેનાં પગલાં ઓળખવાં.

2.3 પ્રારંભિક ઓળખની પ્રક્રિયા દરેક કાર્યકર સાથે મળીને કરવી જોઈએ જેથી તેમના વ્યક્તિગત સંભવિત જોખમ ઓળખી શકાય. તમારા કામના સ્થળ અને કામના વાતાવરણને યોગ્ય હોય તેવી રીતે તમારે આ પ્રારંભિક તબક્કો પૂરો કરવો જોઈએ, જે આ હોઈ શકેઃ

- તેમના પર કોઈ સંભવિત જોખમનાં પરિબળો છે કે નહિ અને જોખમના સંચાલન માટે વધારે વાતચીત કરવાની જરૂર છે કે નહિ તે ઓળખવા માટે દરેક કાર્યકર સાથે વ્યક્તિગતપણે વાતચીત કરવી.
- દરેક કાર્યકર ફોર્મ અથવા સર્વે પૂરો કરે તેની વ્યક્તિગત રીતે તેમને વિનંતી કરવી અને જેમના પર સંભવિત જોખમનાં પરિબળો હોવા તરીકે ઓળખવામાં આવ્યાં હોય માત્ર તેમની સાથે જ વાતચીત કરવી.

2.4 ઓળખના પ્રારંભિક તબક્કામાં કાર્યકરોને સાંકળવામાં આવે અને કોઈ ધારણાઓ બાંધવામાં ન આવે તેની ખતારી કરવાનું અગત્યનું છે.

2.5 પ્રારંભિક ઓળખનો તબક્કો પૂરો કરવાનું કાર્યકરોને કહેતી વખતે, શા માટે તે માહિતી માગવામાં આવી રહી છે, તે માહિતીનું શું કરવામાં આવશે અને આગળનાં પગલાં શું હશે તેની તેમને માહિતી આપવી જોઈએ. કાર્યકરોને હૈયાધારણ આપવામાં અને તે પ્રક્રિયા પૂરી કરવાની તેમની ઈચ્છામરજી વધારાવામાં સ્પષ્ટ અને પારદર્શક રહેવાનું અગત્યનું છે. જેમના પર જોખમ વધ્યું હોય તેવાં લોકોની ઓળખ કરવા ઉપરાંત, કોઈ કાર્યકરને જો પહેલાંની આરોગ્યની બીમારી હોય અથવા તેમના આરોગ્ય વિશે બીજી કોઈ ખાસ ચિંતા કે પરેશાની હોય તો પ્રારંભિક ઓળખ દરમ્યાન તેની ચર્ચા કરવાની પણ તેમને તક મળવી જોઈએ.

2.6 આરોગ્યની અંગત માહિતી પૂછતી વખતે ધ્યાન રાખવું જ જોઈએ અને કાર્યકરને ટેકો આપવા માટે જરૂરી હોય ત્યારે જ તે પૂછવું જોઈએ. જરૂરત અને વાજબી હોય તેના કરતાં વધારે પ્રમાણમાં વિગતો પૂરી પાડવામાં ન આવવી જોઈએ. જોખમના સંચાલનની પ્રક્રિયાના આ અર્થમાં, વ્યક્તિને કોવિડ-19નો ચેપ લાગવા અથવા તેની વધારે ખરાબ અસર થવા પ્રતિ વધારે અરક્ષિત બનાવે તેવાં પરિબળોને લગતી માહિતી માગવાનું જરૂરી હોવાનું માનવામાં

આવશે. માહિતી એકઠી કરતી વખતે, તમારે કાર્યકરો પ્રતિ એ વિચાર કરીને સ્પષ્ટ રહેવું જોઈએ કે તમે તે માહિતી કેવી રીતે નોંધશો અને તે માહિતી માત્ર તે હેતુસર જ વાપરવામાં આવશે. વિગતો એકઠી કરવા અંગેના જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) અને તમારી પોતાની નીતિઓને ધ્યાનમાં લેવી જોઈએ, જે તમારી સામાન્ય કાર્યવાહીઓ ઉપરાંતની હોય.

2.7 તે પછી તમારે જોખમો ઓળખવા અને તેનું સંચાલન કરવા માટેનું એક માળખું બનાવવું જોઈએ જે તમારા કામના સ્થળ માટે યોગ્ય હોય. હેલ્થ એન્ડ સેફ્ટી એક્ઝેક્યુટીવ (HSE) દ્વારા તૈયાર કરવામાં આવેલ માર્ગદર્શિકા સંસ્થાઓને કોના પર નુક્સાન થવાનું વધારાનું જોખમ રહેલું છે તે ઓળખવામાં અને આ માર્ગદર્શિકાનું નિકટતાપૂર્વક કેવી રીતે પાલન કરવું જોઈએ તે માટેની મદદ પૂરી પાડી શકે છે. તેમાં સંસ્થાઓ પોતાની રીતે ફેરફાર કરીને વાપરી શકે તેવા નમૂનાનાં માળખાં અને ઉદાહરણો આપેલાં છે અને કેટલાંક અરક્ષિત જૂથો ઉપર ચોક્કસ માર્ગદર્શન પણ આપેલ છે. જ્યાં યોગ્ય હોય ત્યાં અરક્ષિત કામદારો ઉપર HSEની માર્ગદર્શિકાનો પણ ઉપયોગ કરવો જોઈએ.

2.8 ઓળખ અને આકારણીની પ્રક્રિયા માત્ર એક જ વાર કરવામાં આવતી પ્રક્રિયા ન હોવી જોઈએ અને જોખમનાં પરિબળો પરનાં કોઈ નવા પુરાવાઓને અથવા વ્યક્તિ પરનાં જોખમોમાં થયેલા કોઈ ફેરફારોને ધ્યાનમાં લેવા માટે એમ્પ્લોયરે જોખમોની આકારણી અને સંચાલનની નિયમિત રીતે પુનઃવિચારણા કરવી જોઈએ.

## જેમના પર જોખમ વધ્યું હોવાનું ઓળખવામાં આવ્યું હોય તે કાર્યકરો વાતચીતો કરવી

2.9 આ નવા બહાર આવી રહેલા પુરાવાઓથી ઊભા થતાં જોખમો વિશે કાર્યકરોને પોતાને જ ચિંતા હશે તે શક્ય છે અને તમારે તે ચિંતાઓ સંબોધવા માટે ઝડપથી અને સંવેદનાપૂર્વક પગલાં લેવાં જોઈએ. આ વાતચીતોનો હેતુ એમ્પ્લોયર અને કાર્યકર વચ્ચે સહિયારી રીતે કામ કરવાનો હોવો જોઈએ, જેથી કાર્યકરન તેમના વ્યક્તિગત જોખમનું સંચાલન કરવાના નિર્ણયો લેવામાં ટેકો આપી શકાય. આ થાય તે માટે, કાર્યકરને તેમનું મૂલ્ય આંકવામાં અને માન જાળવવામાં આવતું હોવાનું લાગવું જોઈએ તેમજ પોતાના વિચારો ખુલ્લી રીતે વ્યક્ત કરી શકે તે માટે તેમને સલામત માનસિક લાગણી થવી જોઈએ.

2.10 કાર્યકરો પોતે ખુલ્લી રીતે વાચીત કરી શકે તેની સામે નડતા સંભવિત અંતરાયો વિશે તમારે સંવેદનશીલ રહેવું જોઈએ, જેમાં આ માહિતી જાહેર કરવાથી તેમને ભવિષ્યમાં આવક મેળવવા અંગે, તેમની કામની સ્થિતિ અથવા નોકરીની અને શરતોને લગતો કોઈ ગેરફાયદો થશે એવી કદાચ તેમને ચિંતા હોઈ શકે. આ વાતચીતો સાંસ્કૃતિક રીતે જાગૃત તેમજ સંવેદનશીલતાપૂર્વક કરવામાં આવે છે તેની પણ એમ્પ્લોયરોએ ખાતરી કરવી જોઈએ, જેથી કાર્યકરોને પોતાની ચિંતાઓ વિશે ખુલ્લા દિલે વાતચીત કરીને તે ઉકેલવાનો વિશ્વાસ આવે. સંસ્થાઓ માટે તેમના ટ્રેડ યુનિયનનાં સાથી કામદારો તેમજ સ્થાનિક ભાગીદારો મૂલ્યવાન ટેકો પૂરો પાડી શકે અને સ્થાનિક વલણો બનાવવામાં તેમનો ઉપયોગ કરવો જોઈએ. અશ્વેત, એશિયન અને લઘુમતી વંશમૂળનાં (BAME) લોકો માટેનાં અથવા અસમર્થ કાર્યકરો માટેનાં નેટવર્કો પણ સંસ્થાઓ માટે સહાયતા મેળવવાનાં અગત્યનાં સ્થાનો હશે.

2.11 વ્યક્તિ સાથે કરવામાં આવતી વાતચીત વિગતવાર અને સંવેદનશીલ હોવી જરૂરી છે. જોખમો બને તેટલાં ઓછાં કરવાનાં પગલાં ઓળખવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જે જુદા જુદા સંદર્ભો, જોખમનાં પરિબળો અને વ્યક્તિગત કાર્યકરનાં મંતવ્યોને ધ્યાનમાં લઈને સાવચેતીપૂર્વક વિચારીને ધ્યાનમાં લેવામાં આવ્યાં હોય.

2.12 યોગ્ય પગલાં લેવામાં આવે છે તેની તમારે ખાતરી કરવી જોઈએ, જેથી કાર્યકરોને નીચે જણાવ્યા સહિતની પોતાની ચિંતાઓ વિશે ખુલ્લા દિલે વાતચીત કરીને તે ઉકેલવાનો વિશ્વાસ આવેઃ

- વાતચીત ગુપ્ત રહી શકે તેવા સ્થળે કરવામાં આવે તેની ખાતરી કરવી.
- વિગતવાર વાતચીત થઈ શકે તેટલો પૂરતો સમય આપવો.
- વાતચીતનો હેતુ નક્કી કરવો, જેમાં તેમને હૈયાધારણ આપવી અને માહિતી જાહેર કરવાનાં કારણો વિશે સલાહ આપવાનો પણ સમાવેશ થાય છે. આમાં તે માહિતીનું શું કરવામાં આવશે, અને જો જરૂર હશે તો તે ક્યાં સંઘરવામાં આવશે તેની વિગતો સામેલ કરવી.
- કોઈ ચિંતાઓ હોય તો તે જણાવવાની તેમને તક આપવી.
- વાતચીતની લેખિત નોંધ કરવી, તે તમારા કાર્યકરને પણ આપવી અને તે માહિતી ગુપ્તપણે અને સલામતીથી સાચવીને રાખવી.

2.13 તમે કેવી રીતે તે ચર્ચાની શરૂઆત કરશો તેનો વિચાર કરવો પડશે અને તેનો આધાર કામના સ્થળના પ્રકાર પર રહેશે, પણ તેમાં નીચેનાનો સમાવેશ થઈ શકેઃ

- જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં તે વાતચીત ઓક્યુપેશનલ હેલ્થ દ્વારા કરવામાં આવે અથવા તેઓ તેમાં સહાયતા કરે.
- જો કાર્યકરને વધારાની સહાયતાની જરૂરત હોય તો ત્રાહિત પક્ષનાં લોકોનો સમાવેશ કરવામાં આવે. આમાં ટ્રેડ યુનિયનનાં સાથી કર્મચારીઓ, સ્ટાફ નેટવર્કો, અથવા અન્ય યોગ્ય લોકોનો સમાવેશ થઈ શકે.
- ટ્રેડ યુનિયનના સાથી કર્મચારીઓ, સ્થાનિક ભાગીદારો તેમજ સ્ટાફ નેટવર્કો તે વાતચીતો માટે ટેકો આપી શકે, અથવા તેઓ BAME કર્મચારી તેમજ અન્ય લોકોની ચિંતા ઉપર પ્રકાશ નાંખી શકે, જેમના પર કામના સ્થળે કોવિડ-19ને લગતાં જોખમનાં પરિબળો હોય.

2.14 કાર્યકરોને પોતાની ચિંતાઓ વ્યક્ત કરવાની તક આપવામાં આવવી જોઈએ અને તેમ કરવામાં તેમને સલામતીની તેમજ ટેકો મળતો હોવાની લાગણી થવી જોઈએ. આમાં સરળતા કરી આપવા માટેનાં પગલાંમાં આનો સમાવેશ થઈ શકેઃ

- ચિંતાઓ વ્યક્ત કરવા માટેની તકો આપવી.

- અદ્યતન સંશોધનો/વિગતો વિશે કાર્યકરો સાથે સારી રીતે વાતચીત કરવી.

- BAME કાર્યકરો અથવા અન્ય અરક્ષિત જૂથનાં લોકો પોતાની ચિંતાઓ વ્યક્ત કરી શકે તે માટે ઉપલબ્ધ ચેનલોની પુનઃવિચારણા કરવી.

- ખાસ કરીને સમાનતા અથવા સામગ્રી પર કેન્દ્રિત સંસાધનો પ્રતિ દિશાસૂચન કરવું.

- લેવામાં આવતા વલણને સીનિયર આગેવાનો દ્વારા સમર્થન આપવું અને સંભવતઃ વધેલાં જોખમો વિશે જાગૃતિ ફેલાવી - જેથી કાર્યકરોને પોતે આ પ્રકારની વાતચીતો કરવા માટે સમર્થ હોવાનું પ્રોત્સાહન મળે.

- સંસ્થામાં ઉપલબ્ધ કોઈ સ્ટાફ નેટવર્કોની (દાખલા તરીકે BAME, ડિસેબિલિટી અથવા આરોગ્યની બીમારી અંગેનાં જૂથો) અને જે ઉપલબ્ધ હોય તેને બહેતર રીતે ટેકો આપવા અને મજબૂત બનાવવા શું કરી શકાય તેની પુનઃવિચારણા કરવી.

- કામના સ્થળના રિસ્ક અસેસમેન્ટો અથવા વ્યક્તિગત જોખમોના સંચાલનની પ્રક્રિયાઓ તેમજ જોખમો હળવાં બનાવવા વિશે યુનિયનો સાથે મળીને કામ કરવું.

- તમે (અને કોઈ પણ સીનિયર આગેવાનોએ) કાર્યકર્તાઓની આવક, કામનો હોદ્દો અથવા વિકાસની તકો અથવા તેમના રોજગારની શરતો અને નિયમો પરનાં જોખમોના સંચાલન માટેનાં પગલાંની કોઈ સંભવિત અસરોનો વિચાર કર્યો હોવાની ખાતરી કરવી.

વધારે માહિતી માટે જુઓઃ

- DHSC માર્ગદર્શિકાઃ કોરોનાવાઈરસ (કોવિડ-19) માર્ગદર્શિકાઃ એડલ્ટ સોશિયલ કેર કાર્યદળનું આરોગ્ય અને સુખાકારી

- અરક્ષિત કાર્યકરો વિશે HSEની માર્ગદર્શિકા; જેમાં નવી બનેલી માતાઓ અને સગર્ભા સ્ત્રીઓ, અસમર્થતા અને ઉંમરને લગતા માર્ગદર્શનનો પણ સમાવેશ થઈ જાય છે

- સમાનતા અને વિભિન્નતા ઉપર SfCની માર્ગદર્શિકા

- એડલ્ટ સોશિયલ કેરમાં વિભિન્નતાસભર કાર્યદળને ટેકો આપવા માટે SfCનાં સંસાધનો

- ACAS: કોરોનાવાઈરસ (કોવિડ-19): એમ્પ્લોયરો અને કર્મચારીઓ માટે સલાહ: અરક્ષિત લોકો અને જેમના પર બહુ વધારે જોખમ રહેલું છે તે લોકો

# જેમના પર વધારે જોખમ રહેલું હોય તેવા કાર્યદળનાં સભ્યોની ઓળખ થઈ જાય તે પછી તમે લઈ શકો તેવાં પગલાં

## સમગ્ર કાર્યદળ માટેનાં પગલાં

2.15 તમારે અદ્યતન માર્ગદર્શનનું પાલન કરવાનું અને કાર્યદળનું રક્ષણ કરવાનાં પગલાં લેવાનું ચાલુ રાખવું જોઈએ અને ફ્રેમવર્કમાં વર્ણવવામાં આવેલાં પરિબળોના કારણે જેમના પર વધારે જોખમ રહેલું હોય તેવાં કાર્યદળનાં તમામ સભ્યોની સુખાકારીની ખાતરી કરવી જોઈએ. આમાં સંસ્થાની પ્રાથમિક પ્રવૃત્તિઓમાં અને અન્ય બિન-સંભાળનાં સ્થાનોમાં કામ કરનારાંનો પણ સમાવેશ થાય છે. કોવિડ-19 વેબપેજ પર કેટલાક ઉપયોગી સંસાધનો આપેલ છે જે તમે તમારાં સાથી કર્મચારીઓ સાથે વહેંચી શકો છો.

2.16 કામના સ્થળ તેમજ કાર્યદળના આધારે, આમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છેઃ

- કાર્યદળની સાથે મળીને કામ કરવું અને તેમને નિર્ણયો લેવા, ઉકેલો લાવવા અને ટેકો આપવાની પ્રક્રિયામાં સામેલ કરવાં.
- કાર્યકરોને તેમની ચિંતાઓ વ્યક્ત કરવાની તકો આપવી.
- સલામતીપૂર્વક કામ કરવું માર્ગદર્શિકાનું પાલન કરીને તમારા કામના સ્થળની પુનઃવિચારણા કરવી.
- લોકોને હાથ ધોવા અને આરોગ્ય સ્વચ્છતાના માર્ગદર્શનનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરવાં.
- કામ કરવાની પદ્ધતિ (જેમ કે લાંબા કલાકો/રાત પાળીઓ, વધારાની પાળીઓ અથવા એક કરતાં વધારે નોકરીઓ)થી લાગતા થાકના પ્રમાણ ઉપર પડતી અસરોનો વિચાર કરવો.
- નિયમિત રીતે આરામનો સમય લેવો, પાળી પર હોય તે દરમ્યાન ખોરાક અને પાણી પૂરાં પાડવામાં સહાયતા કરવી.
- કર્મચારીઓને તેમના સ્વાસ્થ્ય તેમજ જૂની આરોગ્યની બીમારીઓની સંભાળ રાખવામાં ટેકો આપવો.
- ટેસ્ટ કરાવવા ઉપરની DHSC અને PHEની સલાહ અનુસરવી. કોવિડ-19નાં ચિહ્નો સાથે અથવા ટેસ્ટનું હકારાત્મક પરિણામ આવ્યા બાદ જે કર્મચારીઓ સેલ્ફ-આઈસોલેટ કરતાં હોય તેમની સામાન્ય આવક જાળવી રાખવા માટે ઈન્ફેક્શન કંટ્રોલ ફંડ નો ઉપયોગ કરી શકાય છે.
- પી.પી.ઈ.ની જરૂર છે કે નહિ, તે ક્યારે વાપરવાં જોઈએ તે વિશે તમામ કાર્યકરોને સ્પષ્ટપણે માહિતી આપવી (જેમ કે PHEની માર્ગદર્શિકા તેમને આપવી), અને હાલના માર્ગદર્શન અનુસાર તમામ કાર્યકરોને તે પૂરતા પ્રમાણમાં મળી રહે તેની ખાતરી કરવી.

- ઉપલબ્ધ આરોગ્ય અને સુખાકારીની સહાયતા તેમજ કર્મચારીઓ માટેની મદદની પુનઃવિચારણા કરવી અને જેમના પર સંભવતઃ વધારે જોખમ હોવાનું ઓળખવામાં આવ્યું હોય તે કાર્યકરોની જરૂરતો પૂરી કરે તેવી રીતે તેમાં સુધારા કરવાનાં પગલાં લેવાં.

- તમારા કામના સ્થળે આ જોખમોને પહોંચી વળવા માટે તમે શું પગલાં લીધાં છે તે વિશે તમારે તમારા તમામ કર્મચારીઓ સાથે સ્પષ્ટપણે વાતચીત કરવી જોઈએ.

## વ્યક્તિગત પગલાં

2.17 તમારા કાર્યકર ઉપરનું જોખમ ઘટાડવાના ઉપલબ્ધ વિકલ્પોનો આધાર, તેઓ કેવા પ્રકારનું કામ કરે છે અને કેવા સ્થળમાં તેઓ કામ કરે છે તેના પર રહેશે. કોઈ પગલાં લેવાનાં હોય તો તેનો નિર્ણય કાર્યકર્તાની સાથે મળીને લેવાવો જોઈએ. તમારે આનો પણ સાથે મળીને વિચાર કરવો જોઈએઃ

- જ્યાં જોખમો ઓછાં હોય તેવા સ્થળે કે કામ કરવા માટે તેમને ખસેડવાં - દાખલા તરીકે જેમને કોવિડ-19નો ચેપ ન લાગ્યો હોવાનું લાગતું હોય તેમની મદદ માટે.

- દૂર રહીને કામ કરવાનું શક્ય હોય કે નહિ, અમે સ્વીકારીએ છીએ કે મોટા ભાગનાં કાર્યદળો માટે આ વ્યવહારૂ ન બને તે શક્ય છે, ખાસ કરીને જેઓ સીધી રીતે અંગત સંભાળ પૂરી પાડતાં હોય.

- તેમના કામની ગોઠવણોમાં ફેરફારો કરવા - દાખલા તરીકે કામ માટે જાહેર વાહનોનો ઉપયોગ કરવાની જરૂરત ઓછી કરવી અથવા સદંતર દૂર કરવી.

- હોમ વિઝિટો માટે, જ્યાં શક્ય હોય ત્યાં સેવાનો ઉપયોગ કરનાર વ્યક્તિ જ ઘરમાં હાજર રહે તેવી વિનંતી કરવી.

- વધારે સલાહ અને સહાયતા, દાખલા તરીકે, જો ઉપલબ્ધ હોય તો ઓક્યુપેશનલ હેલ્થ દ્વારા.

2.18 જો કામનું સ્થળ કોઈ કર્મચારી માટે સલામત ન હોય અને તે કર્મચારી ઘરેથી કામ ન કરી શકે અથવા તેમને કામના બીજા કોઈ સ્થળે ખસેડી શકાય તેમ ન હોય, તો તેઓ ફરી પાછા કામે આવવાનો સલામત સમય થાય ત્યાં સુધી એમ્પ્લોયરે તેમને ચાલુ પગારે અથવા પગાર વગરની રજા આપવાનું વિચારવું જોઈએ. જો એમ્પ્લોયર અને કર્મચારી આ ચર્ચાઓના નિર્ણય ઉપર સહમત ન થઈ શકે, તો સ્થાનિક રીતે ઉકેલ લાવવાની કાર્યવાહી અનુસરવામાં આવવી જોઈએ.

2.19 નિર્ણયો લેતી વખતે અને કામના સ્થળ પરનાં જોખમોની આકારણી કરતી વખતે એમ્પ્લોયરે દરેક વ્યક્તિના તેમના પોતાના સંજોગોને વ્યક્તિગતે ધોરણે ધ્યાનમાં લેવાની જરૂર છે. વાતચીતોની નોંધ કરવામાં આવવી જોઈએ અને તેની એક નકલ કર્મચારીને આપવામાં

આવવી જોઈએ. આવી સંવેદનશીલ વાતચીતો કરતી વખતે સારા કાર્યવ્યવહારોનાં બીજાં ઉદાહરણો ઉપર જણાવેલ છે.

2.20 સલામતીથી કામ કરવા માટેની પદ્ધતિ ગોઠવાયેલી હોય, અમલમાં મૂકાયેલ હોય અને તમામ કર્મચારીઓને તે સ્પષ્ટ પણે જણાવેલ હોય તેની ખાતરી કરવાની જવાબદારી એમ્પ્લોયરની છે. કર્મચારીઓ (કાર્યકરો, એજન્સી કાર્યરકો, કોન્ટ્રાક્ટરો, સ્વયંસેવકો સહિતાનાં) પર અને તેમની સેવાઓનો ઉપયોગ કરતાં લોકો પરનાં જોખમોના વહીવટની આસપાસ એમ્પ્લોયરો દ્વારા લેવામાં આવતા જટિલ નિર્ણયો અમે સ્વીકારીએ છીએ. એમ્પ્લોયરોએ કોવિડ-19 જોખમના સંચાલન પરની સરકારની સલાહ અનુસરવી જોઈએ કાર્યદળ વિશેના નિર્ણયો લેતી વખતે, એમ્પ્લોયરોએ તેમની કાનૂની અને આરોગ્ય અને સુરક્ષાને લગતી જવાબદારીઓ ધ્યાનમાં લેવી જોઈએ અને તેમને જો જરૂર પડે તો ટ્રેડ યૂનિયનો સાથે સલાહમસલત કરવાનું અને તેમની પોતાની કાનૂની સલાહ મેળવવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે.

વધારે માહિતી માટે જુઓઃ

- DHSC માર્ગદર્શિકાઃ કોરોનાવાઈરસ (કોવિડ-19) માર્ગદર્શિકાઃ એડલ્ટ સોશિયલ કેર કાર્યદળનું આરોગ્ય અને સુખાકારી
- સમાનતા અને વિભિન્નતા ઉપર SfCની માર્ગદર્શિકા
- ACAS: કોરોનાવાઈરસ (કોવિડ-19): એમ્પ્લોયરો અને કર્મચારીઓ માટે સલાહ
- UNISON: સામાજિક સંભાળનાં કાર્યકરો માટે કોરોનાવાઈરસને લગતી સલાહ
- કોરોનાવાઈરસ ઉપર Unite તરફથી યુ.કે. માટે સલાહ
- કામના સ્થળ પર આરોગ્ય અને સુરક્ષા વિશે HSEની માર્ગદર્શિકા
- https://www.skillsforcare.org.uk/Learning-development/ongoing-learning-and-development/health-and-safety/Health-and-safety.aspx

# કાર્યકરોના આરોગ્ય અને સુખાકારીમાં સહાયતા કરવી

2.21 સામાજિક સંભાળના કાર્યદળ માટે દેખીતી રીતે આ અત્યંત મુશ્કેલ સમય છે. કાર્યકરોના આરોગ્ય અને સુખાકારીને ટેકો આપવા માટે અનેક પ્રકારનાં સંસાધનો ઉપલબ્ધ છે, જેમ કેઃ

- CARE branded વેબસાઈટ અને એપ, CARE Workforce, સમયાનુસાર માહિતી તેમજ સહાયતા મેળવવાનાં દિશાસૂચનો પૂરાં પાડે છે.

- DHSC માર્ગદર્શિકા: કોરોનાવાઈરસ (કોવિડ-19): એડલ્ટ સોશિયલ કેરનાં કાર્યદળના આરોગ્ય તેમજ સુખાકારી

- સામાજિક સંભાળનાં કાર્યકરો જ્યારે મુશ્કેલી અનુભવી રહ્યાં હોય ત્યારે કોઈની સાથે તેઓ વાતચીત કરી શકે તે માટેનાં સંસાધનો:

  - સામાજિક સંભાળનાં કાર્યકરો જ્યારે કોઈ સાથે વાતચીત શરૂ કરવા માગતાં હોય ત્યારે તેઓ 85258 પર 'FRONTLINE' લખીને સંદેશો મોકલી શકે છે. આ સેવા Shout દ્વારા પૂરી પાડવામાં આવે છે અને તે મોબાઈલનાં તમામ મોટાં નેટવર્કો પરથી મફત મેળવી શકાય છે અને જેઓ પહોંચી વળવામાં મુશ્કેલી અનુભવતાં હોય અને મદદની જરૂર હોય તેમને સીધો ટેકો પૂરો પાડે છે.

  - Samaritans એ તેમની ખાનગી લાગણીશીલ સહાયતા પૂરી પાડતાં કાર્યકરોની સપોર્ટ લાઈન લંબાવીને તમામ સામાજિક સંભાળનાં કાર્યકરો માટે ઉપલબ્ધ કરી છે, જેઓ કદાચ ખૂબ વધારે તણાવમાં કે ચિંતાગ્રસ્ત હોય કે અત્યંત ભાર હેઠળ હોવાનું અનુભવતાં હોય. આ સેવા સંભાળનાં કાર્યકરોને કોઈ તાલીમબદ્ધ સ્વયંસેવક સાથે વાતચીત કરવાની તક પૂરી પાડે છે જેઓ ગુપ્ત રીતે તેમની વાત સાંભળે અને વધારે સહાયતા મેળવવાનું દિશાસૂચન કરીને મદદ પૂરી પાડી શકે છે.  આ સહાયતા મેળવવા માટે કૃપા કરીને ફોન કરો: 0300 131 7000

  - Hospice UK એ તેમની બીરીવમેન્ટ એન્ડ ટ્રોમા (સ્વજનના મૃત્યુથી લાગેલ આઘાત) લાઈન લંબાવીને સામાજિક સંભાળનાં કાર્યકરોને ટેકો ઉપલબ્ધ કરાવેલ છે. સંભાળનાં કાર્યકરોએ જો કોવિડ-19 રોગચાળાના પરિણામે તેમના પોતાના સ્વજન ગુમાવ્યા હોય, કોઈ આઘાત લાગેલ હોય, ચિંતાગ્રસ્ત હોય તો આ સેવા તેમના માટે એક સલામત સ્થળ પૂરું પાડે છે. આ સહાયતા મેળવવા માટે કૃપા કરીને ફોન કરો: 0300 3034434

## વધારે માર્ગદર્શન અને સંસાધનો

એડલ્ટ સોશિયલ કેર માટે અન્ય માહિતી અને માર્ગદર્શન

- સુધારાયેલ માર્ગદર્શિકા તેમજ શિક્ષણનાં સંસાધનો આ Care Workforce ઍપ મારફતે મેળવી શકાય છે.

- કોરોનાવાઈરસ (કોવિડ-19): એડલ્ટ સોશિયલ કેર માર્ગદર્શિકા

- કોરોનાવાઈરસ (કોવિડ-19): ડાઈરેક્ટ પેયમેન્ટ્સ મેળવતાં લોકો માટે માર્ગદર્શિકા

- કોવિડ-19: એડલ્ટ સોશિયલ કેર માટે નૈતિકતાનું ફ્રેમવર્ક

- સંભાળની આવડતો: કોવિડ-19 સોશિયલ વર્ક માટે અદ્યતન માહિતી

- SCIE: કોરોનાવાઈરસ (કોવિડ-19) સોશિયલ કેર માટે સલાહ

એમ્પ્લોયરો અને કર્મચારીઓ માટે માહિતી અને માર્ગદર્શનનાં અન્ય સ્રોત્રો

- ACAS: કોરોનાવાઈરસ (કોવિડ-19): એમ્પ્લોયરો અને કર્મચારીઓ માટે સલાહ
- UNISON: સામાજિક સંભાળનાં કાર્યકરો માટે કોરોનાવાઈરસને લગતી સલાહ
- સમાનતા અને વિભિન્નતા ઉપર SfCની માર્ગદર્શિકા
- કોરોનાવાઈરસ ઉપર Unite તરફથી યુ.કે. માટે સલાહ
- RCN: કોવિડ-19 (કોરોનાવાઈરસ) વિશે અવારનવાર પૂછવામાં આવતા પ્રશ્નો

અન્ય રિસ્ક ફ્રેમવર્કોનાં ઉદાહરણો

- રોયલ કોલેજ ઓફ સાઈકિઆટ્રિસ્ટ્સ - કોવિડ-19: માનસિક આરોગ્યનાં સ્થાનોમાં BAME કર્મચારીઓ માટે જોખમો હળવાં કરવા વિશેની માર્ગદર્શિકા
- NHS એમ્પ્લોયલરો પાસે સ્વાસ્થ્યને લગતી વાતચીતો તેમજ જોખમો વિશે વ્યક્તિગત વાતચીતોમાં સહાયતા કરતાં અનેક સંસાધનો છે.

વિભિન્ન પરિબળોની કોવિડ-19નાં જોખમ અને તેનાં પરિણામો પર કેવી રીતે અસર પડી છે તે ઉપર PHEની પુનઃવિચારણા

- PHE: કોવિડ-19: જોખમો અને પરિણામોમાં અસમાનતાઓની પુનઃવિચારણા

© ક્રાઉન કોપીરાઇટ 2020

GOV.UK માટે માત્ર pdf સ્વરૂપમાં પ્રકાશિત

સોશિયલ કેર ગ્રુપ, સોશિયલ કેર સ્ટ્રેટેજી અને વર્કફોર્સ ડિરેક્ટોરેટ, વર્કફોર્સ ટીમ

www.gov.uk/dhsc

જ્યાં બીજી કોઈ સ્પષ્ટતા ન કરવામાં આવી હોય ત્યાં આ પ્રકાશનને Open Government Licence v3.0ની શરતો હેઠળ લાઈસન્સ પ્રાપ્ત છે. આ લાઈસન્સ જોવા માટે, જુઓ nationalarchives.gov.uk/doc/open-government-licence/version/3

જ્યાં અમે કોઈ ત્રાહિત પક્ષની કૉપિરાઇટ માહિતી ઓળખી હોય, ત્યાં તમારે સંબંધિત કૉપિરાઇટ ધારકોની પરવાનગી મેળવવી પડશે.

OGL